**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૬૬ ટકા

# શહેરમાં સ્વેટર બજારનું આગમન

## લોંગ સ્વેટર અને કોટ લેડીઝમાં હોટ ફેવરિટ : યુવાનોની પસંદગી સોફ્ટ વુલન ચપ્પલ તથા જેકેટ




ગાંધીનગર, તા.૨૦

શહેરમાં ઠંડીનો ચમકારો હવે ધીમે ધીમે વધી રહ્યો છે. વહેલી સવારે તથા સાંજ બાદ પુરી રાત્રિ વાતાવરણમાં ઠંડીનો અહેસાસ શહેરમાં થઈ રહ્યો છે. આ સમય દરમિયાન શહેરીજનો ગરમ કપડાં પહેરી ફરતા નજરે ચઢી રહ્યા છે. શહેરના માર્કેટ તથા ઘ-૫, સે-૬ પેટ્રોલ પંપ સામેનું મેદાન તથા નવા સેકટરોના વિવિધ સ્ટોરમાં ગરમ કપડાં વેચાઈ રહ્યા છે.

શહેરમાં ધીમે ધીમે ઠંડી અનુભવાઈ રહી છે ત્યારે શહેરીજનો ગરમ કપડામાં નજરે ચઢી રહ્યા છે. સાથે સાથે ખરીદી પણ કરી રહ્યા છે. શહેરમાં સે-૨૧, સે-૨૪, ઘ-૫, સે-૬ પેટ્રોલપંપની સામેનું મેદાન, નવા સેકટરોમાં વિવિધ સ્ટોરમાં ગરમ કપડાંનું વેચાણ થઈ રહ્યું છે. જેમાં માથાની ટોપી, સ્વેટર, જેકેટ, શાલ, મફલર, હાથ-પગના મોજા અને સોફટ વુલન ચપ્પલ વિવિધ સ્ટોરમાં વેચાઈ રહ્યા છે.

બાળકોથી લઈ મોટાઓ તથા પ્લસ સાઈઝના જેકેટ પણ શહેરમાં ઉપલબ્ધ છે. જેમાં બાળકોના સ્વટેર અને જેકેટનો ભાવ રૂ.૬૦૦થી ૫૦૦૦, મોટાના સ્વટેર અને જેકેટ ૧૨૦૦ થી ૩૦૦૦ અનો ૧૫૦૦ થી ૧૨,૦૦૦ તથા સામાન્ય જેકેટ અને સ્વેટર ૧૫૦૦ થી ૨૫૦૦, સ્ટોલ અને ટોપી ૩૦૦ થી ૫૦૦ રૂપિયા, મફલર ૧૮૦ થી ૩૦૦ રૂપિયા, હાથના મોજા ૩૦૦ રૂપિયા અને પગના વુલન ચપ્પલ ૨૦૦ થી ૫૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યા છે. નગરજનો પોતાના બજેટને ખાસ ધ્યાનમાં રાખી ગરમ કપડાંની ખરીદી કરતા નજરે ચઢે છે. જેમાં લોંગ લડીઝ સ્વેટર બહેનોમાં હોટ ફેવરીટ અને યુવાનોમાં પગના વુલન ચપ્પલ પસંદગીના છે. બાળકો અને યુવાનો લેધર જેકેટની પણ ખરીદી કરી રહ્યા છે. સાથે મોટાઓ પોતાને કમ્ફર્ટ લાગે તેવા ગરમ કપડાં ઉપર પસંદગી ઉતારે છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**
**મરજાવા**
૯.૫૫, ૧૦.૫૫, ૧૨.૪૫, ૪.૧૦, ૭.૦૫, ૧૦.૦૦
**મોતીચુર ચકનાચુર**
૧.૪૦, ૭.૨૦
**બાલા**
૧૦.૧૫, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦
**હાઉસફૂલ-૪**
૪.૨૫, ૧૦.૦૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
**મરજાવા**
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
**મોતીચુર ચકનાચુર**
૪,૨૫, ૧૦.૧૫
**મિસ્ટર કલાકાર (ગુજરાતી)**
૧૧.૩૫
**બાલા**
૯.૦૦, ૨.૧૦, ૪.૫૫, ૭.૪૦, ૧૦.૨૫
**હાઉસફૂલ-૪**
૧.૨૫, ૭.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૩૦, ૧૧.૫૫, ૨.૩૦, ૭.૫૫, ૧૦.૩૦

**સિટી પલ્સ, કુડાસણ**
**મરજાવા**
૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**મોતીચુર ચકનાચુર**
૩.૧૫, ૧૦.૦૦
**મીસ્ટર કલાકાર**
૫.૪૫
**હાઉસફુલ-૪**
૩.૪૫, ૯.૩૦
**બાલા**
૨.૩૦, ૯.૪૫, ૧૧.૪૫, ૬.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

**સિટી પલ્સ, કુડાસણ**
**મરજાવા**
૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૨.૧૫
**હાઉસફુલ-૪**
૩.૦૦, ૯.૩૦
**બાલા**
૧૨.૩૦, ૩.૩૦, ૯.૪૫, ૬.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦
**મીસર કલાકાર (ગુજરાતી)**
૫.૪૫

## શનિવારે ગુજરાત સાહિત્ય અકાદમી પ્રકાશિત બે પુસ્તકોનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'જેએનયુમાં આકાંક્ષા' તથા 'સુરેશ જોશીની સર્જન યાત્રા' પુસ્તકોનું લોકાર્પણ આગામી તા. ૨૩મી નવેમ્બર શનિવાર અમદાવાદના આશ્રમ રોડ પરના આત્માહોલ ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. વિષ્ણુ પંડયા, વિવેચક-કવિ જયેશ ભોગાયતા અને અકાદમીના મહામાત્ર જૉ. અજયસિંહ ચૌહાણ ઉપસ્થિત રહી પુસ્તકો અંગે વકતવ્યો આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે 'જેએનયુમાં આકાંક્ષા' પુસ્તકના અનુવાદક છાયા ત્રિવેદી છે. જયારે 'સુરેશ જોશીની સર્જનયાત્રા'ના સંપાદક ડૉ. માલા કાપડિયા છે. આ પ્રસંગે 'જેએનયુમાં આકાંક્ષા' પુસ્તકના મૂળ લેખિકા ડૉ. અંશુ જોશી ઉપસ્થિત રહી પોતાની આ નવલકથા વિશે વાત કરશે. કાર્યક્રમમાં સાહિત્ય રસિક માટે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત પી.આર.ઠક્કર વિદ્યાવિહારમાં ઓડીસી નૃત્ય વર્કશોપ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઈન્ટરનેશનલ કલાકાર સરિતા મિશ્રા દ્વારા વિદ્યાર્થીઓને ઓડિસી નૃત્ય કેવી રીતે કરવું તેના પાઠ શીખવવામાં આવ્યા હતા. સરિતા મિશ્રા દ્વારા રજૂ થયેલ ઓડીસી નૃત્ય એ શ્રોતાગણને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી કેળવણી મંડળ મગોડીના પ્રમુખ મફતભાઈ પટેલ, ડીઈઓ ઓફિસમાંથી શિક્ષણ નિરીક્ષક મોતીભાઈ દેસાઈ શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તથા અન્ય મહેમાનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને રસપૂર્વક માણ્યો હતો.

## સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ ખાતે 'વર્લ્ડ ચિલ્ડ્રન્સ ડે'ની ઉજવણી કરાઈ





ગાંધીનગર, તા.૨૦

આજે ગાંધીનગરમાં 'વર્લ્ડ ચિલ્ડ્રન્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત સેકટર-૧૯માં 'સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ' ખાતે આયોજિત કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ મનોજ અગ્રવાલ મુખ્ય મહેમાન પદે અને જિલ્લા કલેકટર કુલદીપ આર્ય તેમજ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ ખાતે યોજાયેલા કાર્યક્રમનું આયોજન સંસ્થાના સંચાલક ડે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન તથા જિલ્લા બાળ વિકાસ વિભાગ અને સમાજ સુરક્ષા ખાતાના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ ઉપરાંત વિશેષ એજયુકેશન સેન્ટર અને સરકારી સ્પેશિયલ હોમના બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સમાજ સુરક્ષા ખાતાના નિયામક તથા સમાજ સુરક્ષા અધિકારી વગેરે જેવા અધિકારીઓની પણ ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સંસ્થાના પ્રમુખ અનુપ પરીખના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, બલૂન બેલેન્સિંગ, લીંબુ ચમચી, સંગીત ખુરશી, બૉલપાસ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. જેના વિજેતા બાળકોને કાર્યક્રમના સમાપને ઈનામો આપી સન્માનિત કરાયા હતા.

## રાયપુર કેનાલ પાસે ડમ્પરની અડફેટે બાઈક ચાલકનું મૃત્યુ

### દહેગામ-નરોડા માર્ગ પર સાંજના સુમારે ડમ્પર ચાલકે ગફલતભરી રીતે ડમ્પર હંકારી અકસ્માત સર્જયો હતો

ગાંધીનગર, તા.૨૦

દહેગામ-નરોડા માર્ગ પર રાયપુર કેનાલ પર ગતરોજ સાંજના સુમારે ડમ્પર ચાલકે પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ડમ્પર હંકારી બાઈક ચાલકને ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. અકસ્માતમાં બાઈક ચાલકને ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું. જયારે ડમ્પર ચાલક ડમ્પર મુકીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ જશંવતભાઈ અમૃતલાલ ગજ્જર (ઉંવ.૫૨ રહે. જી-૯૦૧, કલા સાગર હાઈટ્સ બેંક ઓફ બરોડાની બાજુમાં રાણીપ અમદાવાદ) પોતાના પરિવાર સાથે રહે છે, અને વાડજ ખાતે પોતાનું ગેરેજ ચલાવે છે. મારા મોટાબાપાના દિકરા દશરથભાઈ અંબાલાલ ગજ્જર છે. તેઓને સંતાનમાં એક દિકરો અને દિકરી છે. જેમાં મોટી દિકરી કિંજલ અને દિકરો જયેશ છે જે ટોરેન્ટ ખાતે નોકરી કરે છે. જયારે બજાજ સીટી બાઈક નં.જી.જે.૧પી.ડબલ્યું-૦૭૬૦ છે. જે મારો ભત્રીજો ઓફિસે આવવા જવા માટે ઉપયોગ કરતો હતો.ગતરોજ સાંજના સુમારે હું ગેરેજ પર હતો તે સમયે મારા ભાઈ જગદીશનો ફોન આવ્યો હતો કે જયેશ કોઈ કામથી દહેગામ ગયો હતો અને દહેગામથી પરત ફરતા રાયપુર કેનાલ પાસે અકસ્માત થયો છે. જેથી હું મારા ભાઈ દશરથભાઈ અને મિત્ર પરેશભાઈ રાણીપથી રાયપુર જવા માટે નીકળ્યા હતા. કેનાલ પાસે આવતા જોયું તો મારા ભત્રીજાના બાઈક અકસ્માત થયેલું હતું. જયારે મારો ભત્રીજો માર્ગની સાઈડમાં પડેલ હતો ત્યાં જઈને જોયું તો તેના શરીરે અને માથાના ભાગે ઈજા થયેલી હતી અને મૃત્યુ પામ્યો હતો. જયારે માર્ગ પર આગળ બાજુમાં ડમ્પર નં. જી.જે.૩૧.ટી.૫૪૯૦ પડેલું હતુ. જેનો ડ્રાઈવર અકસ્માત સર્જીને ભાગી ગયો હતો. બનાવ અંગે મૃતકના કાકાની ફરીયાદને પગલે ડભોડા પોલીસે ગુનો નોંધી ફરાર ડમ્પર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## શાકભાજી બાદ હવે દાળના ભાવમાં પણ વધારો

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં ડુંગળી, લસણ, ટામેટા સાથે લીલા શાકભાજીના વધેલા ભાવને લઈને ગૃહિણીઓ નારાજ હતી ત્યારે હવે દાળના ભાવમાં પણ વધારો થતા ગૃહિણીઓની મુશ્કેલીમાં વધારો થયો છે.



શહેરમાં સતત વધતા રહેતા શાકભાજી, ડુંગળી, લસણના ભાવથી શહેરીજનો પરેશાન છે અને હવે દાળના ભાવમાં વધારો થતા તેઓ સરકાર સામે નારાજગી વ્યકત કરી રહ્યા છે.

શહેરના કરિયાણાના વેપારીઓ પાસેથી મળેલી માહિતી મુજબ અડદની દાળનો ભાવ લગભગ કિલોએ ૧૦૦ રૂપિયા પહોંચ્યો છે. તુવેરદાળ કિલોએ ૯૫ થી ૧૦૦ રૂપિયા, મગની દાળ અને મસુરદાળનો ભાવ ૭૦ રૂપિયાથી ૮૦ રૂપિયાએ પહોંચતા ગૃહિણીઓ હવે શાક સાથે દાળમાં પણ કાપ મુકી રહી છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ પ્રહલાદભાઈ ડાહ્યાભાઈ, ઉ.વ. ૬૨
- સ્વ. ઠાકોર શાંતાબેન નાનજી, ઉ.વ. ૭૫
- સ્વ. સોલંકી પૃથ્વીસિંહ દિલસિંહ, ઉ.વ. ૪૫
- સ્વ. ઓડ મેલાભાઈ ચુનીલાલ, ઉ.વ. ૭૦
- સ્વ. નાયી ખેમચંદભાઈ વિષ્ણુલાલ, ઉ.વ. ૭૦

# સિનેમા જ સમાજનું પ્રતિબિંબ છે : રામેશ્વરીજી

## ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ઉદ્‌ગમ સંવાદમાં હિન્દી સિનેમાની અભિનેત્રી રામેશ્વરીજી ઉપસ્થિત રહ્યા









ગાંધીનગર, તા.૨૦

શહેરની જાણીતી સંસ્થા ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા ઉદ્‌ગમ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત હિન્દી સિનેમાના અભિનેત્રી રામેશ્વરીજીએ કાર્યક્રમમાં હાજર રહી તેમની સમગ્ર સિનેમાની સફરની વાત કરી હતી અને ઉપસ્થિત ૧૦૦થી વધુ શહેરીજનોને માણસે સરળતાથી અને સહજતાથી રહી જે મળે છે તે લઈ આગળ વધવાની વાત કરી હતી. આ ઉપરાંત તેમણે સિનેમાને સમાજનું પ્રતિબિંબ ગણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં નગરની બે બહેનોને ઉદ્‌ગમ સંવાદ આઈકોન એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. જેમાં શિક્ષણ ક્ષેત્રે કામગીરી બદલ લીનાબેન માયકલ તથા સામાજીક સેવા ક્ષેત્રે કામગીરી બદલ ઓમી ત્રિવેદીને એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

રામેશ્વરીજીનું શાબ્દિક સ્વાગત આશાબેન સરવૈયા દ્વારા કરવામાં આવ્યું હતું તથા ધ્રુવ જોષી દ્વારા મોમેન્ટો આપી તેમનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. મયુર જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સંસ્થા દ્વારા રામેશ્વરીજીના હસ્તે સે-૩૦ વિકસાવનાર મુકિતધામના સ્લમ એરિયાના બહેનોને સેનેટરી નેપકિન આપવામાં આવ્યા હતા અને વૈજંતિબેન ગુપ્તે તથા વૈશાલી જોષી દ્વારા બહેનોને મેનેસ્ટ્રુઅલ હાઈજીન વિશે સમજ આપવામાં આવી હતી.

## શનિવારે કર્ણાવતી યુનિવર્સિટી ખાતે યુથ પાર્લામેન્ટ યોજાશે

### બે દિવસીય યુથ પાર્લામેન્ટમાં કેન્દ્રીય મંત્રી, સાંસદ અને ખ્યાતનામ વકતાઓના સત્ર યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના ઉવારસદ ખાતેની કર્ણાવતી યુનિવર્સિટી ખાતે આગામી તા. ૨૩મી નવેમ્બર શનિવારે સવારે ૧૦ કલાકે 'યુથ પાર્લામેન્ટ ઓફ ઈન્ડિયા ૨૦૧૯'ના ઉદઘાટન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં બીએપીએસ સ્વામિનારાયણ સંપ્રદાયના સંત બ્રહ્મવિહારી સ્વામી તથા ભાજપના કાર્યકારી રાષ્ટ્રીય પ્રમુખ તથા સાંસદ જે.પી. નડ્ડાના હસ્તે ઉદઘાટન થશે. જે પ્રસંગે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી, ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી તથા રાજયના ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે. 'યુથ પાર્લામેન્ટ ઓફ ઈન્ડિયા ૨૦૧૯' તા. ૨૩ અને ૨૪ નવેમ્બર દરમિયાન બે દિવસ માટે યોજાશે.

યુથ પાર્લામેન્ટમાં કેન્દ્રના બાળ વિકાસ તથા ટેકસટાઈલ મંત્રી સ્મૃતિ ઈરાની એક સત્રમાં વકતા તરીકે ઉપસ્થિત રહેશે. લોકશાહી ઢબે સંવાદ સાધવાનું અને વિદ્યાર્થી સમુદાય ભારતીય સંસદ કામગીરીને સમજી શકે તે હેતુથી યુથ પાર્લામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. યુથ પાર્લામેન્ટમાં વિવિધ સત્રોમાં જાણીતી હસ્તીઓ જેવી કે મંત્રીઓ, સંસદસભ્યો, ખ્યાતનામ વકતાઓ વગેરેના સત્રો પણ સામેલ કરાયા છે યુથ પાર્લામેન્ટના સમાપન પ્રસંગે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામો દ્વારા નવાજવામાં આવશે.